ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# ચિદાનંદરૂપ શિવની અનુભૂતિ

**Zaranaben Pravinchandra Trivedi**

**Research Scholar**

**Department of Sanskrit**

**Gujarat University**

**Ahmedabad**

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

વિષય પ્રવેશ – ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિક વિચારવાળો દીપક હજારો વર્ષોથી સતત અને અસ્ખલિત રીતે પ્રકાશી રહ્યો છે. કારણ કે તેના પોષણ અને રક્ષણની ઘટના સતત ચાલતી રહી છે. આ સંસ્કૃતિ દીપક પર અનેકવાર મેશ બાઝી ગઈ હશે. દીપક અનેકવાર કંપી ઉઠ્યો હશે. પરંતુ આ સનાતન દીપક કદી ઓલવાયો નથી. આમ બનવાનું કારણ છે કે આ ભૂમિમાં તેનું પોષણ અને રક્ષણ કરે તેવા વિભૂતિમાન મહાપૂરુષો સતત પ્રગટતા રહ્યાં છે. સંસ્કૃતિમાંથી મહાપુરૂષો પ્રગટે છે અને મહાપુરૂષો થકી સંસ્કૃતિનું પોષણ-રક્ષણ થાય છે.

આપણી આધ્યાત્મિક સંસ્કૃતિનું પોષણ અને રક્ષણ કરનાર આવી જ એક અલૌકિક વિભૂતિ અને દિવ્યપ્રતિભા ધરાવનાર ભારતના મહાપુરૂષ એટલે જગદ્ગુરૂ આદિ શંકરાચાર્ય. ભારતના તો ખરા જ પણ પૂરાં વિશ્વના તે મહાપુરૂષ છે. તેમનામાં જ્ઞાન, ભક્તિ, અને કર્મનો પુણ્યપ્રેરક ત્રિવણી સંગમ થયો છે. તત્વજ્ઞાન અને કાવ્ય બંને તેમની પ્રતિભામાં એકરૂપ બને છે, ત્યારે તેમનું દિવ્યતેજ કેવું દિપી ઉઠે છે તેનું દર્શન 'આત્મષટ્ક સ્તોત્ર'માં થાય છે.

**चिदानन्दरूप शिवोऽहम् शिवोऽहम् ।**

આ સંસારમાં બધું જ મિથ્યા છે. ઇશ્વર જ સત્ય છે એવું લાગતા જીવને ચિત્ આનંત સ્વરૂપ શિવ પોતે હોવાની અનુભૂતિ થાય છે અને તે અનુભૂતિથી જીવ પોતે શિવ બની જાય છે. આ એક જીવની શિવ સુધી પહોંચવાની સફરને શંકરાચાર્યએ અહિં છ શ્લોકમાં વર્ણવી છે. જે દ્વારા જીવને આત્માની અનુભૂતિ, સંસારની, સાંસારિક વસ્તુઓની, જગતનું મિથ્યાપણું વગેરેનું જ્ઞાન થાય છે અને જ્ઞાન જ જીવને શિવના અદ્વૈત સ્વરૂપમાં લીન બનાવે છે તેથી માણસનો જન્મારો સફળ સિદ્ધ થાય છે.

શંકરાચાર્યએ એમના 32 વર્ષના જીવનકાળમાં અનેક રચનાઓ કરી, એમના રચિત સ્તોત્રમાં ખૂબ ગહન તત્વજ્ઞાન સમાયેલું હોય છે. આત્મષટ્ક સ્તોત્ર ખૂબ સરળ પણ ગહન તત્વજ્ઞન સમજાવતું સ્તોત્ર છે. આ સ્તોત્ર દ્વારા આત્માનાં યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે નિર્વાણ એટલે કે આનંદ, શિવાનુભૂતિ, પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે તેથી આ સ્તોત્રને

'નિર્વાણષટ્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

જીવને શિવની અનુભૂતિ, આત્મષટ્કના માધ્યમથી – ઉપનિષદો 'નેતિ-નેતિ' કહીને આત્માનું નિરૂપણ કરે છે, નેતિ એટલે 'આ નહીં' અર્થાત 'આત્મા આ નથી' એટલે શું નથી? – આ પ્રશ્નનો ઉત્તર આપતું શ્રી આદિ શંકરાચાર્યનું આ આત્મષટ્ક સ્તોત્ર છે. આ ઉપાધિ જેને આત્મા માનીને આપણે આપણા વ્યવહાર કરીએ છીએ તે આત્મા નથી. તે તો અનાત્મા છે. કારણ કે તે દ્રશ્ય છે, જડ છે આ રીતે આચાર્ય ઉપધિનાં વિવિધ સ્તરોમાં આત્મતત્વનો નિષધ કરે છે.

**मनोबुद्ध्यहङ्कारचित्तानि नाहं**

**न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे ।**

**न च व्योमभूमिर्न तेजो न वायुः**

**चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥१॥**

હું મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત નથી. હું શ્રોત્ર, જીભ, નાસીક અને નેત્ર નથી. હું આકાશ, પૃથ્વિ, તેજ વાયુ અને જળ નથી પણ હું ચિદાનંદ સ્વરૂપ શિવ છું, શિવ હું છું.

મન, બુદ્ધિ, અહંકાર એ અંતઃકરણના તત્વો હોવાથી સૂક્ષ્મદેહના તત્વો છે અને આત્મા તો સૂક્ષ્મદેહનો દૃષ્ટા સાક્ષી હોવાથી, સૂક્ષ્મદેહ કે તેના તત્વનાં સમૂહરૂપે ન હોય. જેથી ભગવાન આત્માનું સૂક્ષ્મદેહથી તટસ્થપણું છે. આ વાત અહિં બતાવી છે. શ્રોત્ર, જીભ વગેરે શરીરનો જ ભાગ છે તે તત્વો હોવાથી આત્મા નથી. જડથી ચેતનરૂપ આત્મા જુદો છે. એમ અહિં પંચભૂતથી આત્માનું તટસ્થપણું સમજાવ્યું છે. હું ચેતનરૂપ આત્મા તે જડરૂપ નથી પરંતુ દેહાદિકનો દૃષ્ટા છું તથા પંચભૌતિક રચના અસત્ જડ અને દુઃખરૂપ છે તથા હું સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છું. અહિં આત્મ સ્વરૂપનો અનુભવ થાય છે.

**न च प्राणसंज्ञो न च पञ्चवायुः**

**न च सप्तधातुर्न च पञ्चकोशः ।**

**न वाक्पाणिपादौ न चोपस्थपायुः**

**चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥२॥**

આ પ્રાણપંચક સૂક્ષ્મદેહના તત્વો હોવાથી દૃશ્ય, જડ અને દુઃખરૂપ છે પરંતુ હું તો તેથી વિલક્ષણ દૃષ્ટા, ચૈતન્ય, સદ્રૂપ, આનંદરૂપ, પ્રાણાતીત આત્મા છું છતા પ્રાણાત્મવાદી પુરૂષો અવિવેકથી મારા સ્વરૂપને ઓળખી શકતા નથી. અસ્થિ, મેદ, મજ્જા, રોમ, નખ, સ્વેદ અને માંસ એ સર્વે સૂક્ષ્મ દેહના વિકારરૂપ હોવાથી હું અવિકાર આત્મા તેથી જુદો છું અને તે ધાતુઓ મારા નથી. આ પ્રમાણે પંચ કર્મેન્દ્રિયોથી તટસ્થ છું. આવી રીતે અસત્ જડ અને દુઃખરૂપ જે ભૌતિક પ્રપંચ છે તે હું નથી પંરતુ હું તો ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં અબાધિક, અલુપ્ત પ્રકાશ ચૈતન્યરૂપ અને આનંદરૂપ પરમશિવ આત્મા છું

**न मे द्वेषरागौ न मे लोभमोहौ**

**मदो नैव मे नैव मात्सर्यभावः ।**

**न धर्मो न चार्थो न कामो न मोक्षः**

**चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥३॥**

રાગ-દ્વેષ બુદ્ધિમાં પ્રગટ થાય છે તેથી બુદ્ધિના છે અને બુદ્ધિ અંતઃકરણનું એક તત્વ છે, અંતઃકરણ સૂક્ષ્મદેહનું તત્વ છે અને સુક્ષ્મદેહ તે અપંચીકૃત પંચમહાભૂતનું કાર્ય છે, પંચમહાભૂત પ્રકૃતિનું કાર્ય છે અને પ્રકૃતિ એ ચૈતન્ય બ્રહ્મથી કોઈ અન્ય નથી પરંતુ તે સદ્-સતથી વિલક્ષણ અનિર્વચનીય છે. જે વસ્તુ અનિવર્ચનીય છે તે કલ્પિત મિથ્યા માત્ર છે, જેથી બ્રહ્મમાં કલ્પેલી પ્રકૃતિ પણ વાસ્તવિક નથી પરંતુ એક જ અદ્વયબ્રહ્મ અનાદિ, અનંત હોવાથી હું તે જ છું પરંતુ રાગ દ્વેષાદિ પ્રકૃતિના વિકારોનો મને અવિકારી આત્માને સંગ નથી. વિચાર વડે જે કાંઇ નથી તેનું નામ જ માયા છે. તો તે માયાથી પર ચૈતન્યસ્વરૂપ જે હું આત્મા તે, તે માયાના કોઈપણ રાગ દ્વેષાદિ કાર્યરૂપે જડ કેમ હોઉં? આ ભેદના નિવારણ માટે હું આત્મા એક જ વ્યાપક સચ્ચિદાનંદરૂપ છું અને અન્ય જે કલ્પિત ભાસે છે તેની મારાથી ભિન્ન સત્તા ન હોવાથી વિવર્ત

એટલે કે રજ્જુસર્પવત્ મિથ્યા છે. લોભ, મોહ, મદ વગેરે પ્રકૃતિના વિકાર હોવાથી પ્રકૃતિથી પર, ચૈતન્યરૂપ આત્મા જે હું તે, જડરૂપ ગુણ કેમ હોઉં? અર્થાત આ સ્થળમાં શ્રી આદિશંકરાચાર્ય ન્યાયમતના અવિવેકનું દર્શન કરાવી, વેદાંતના વિવેકથી આત્માની જ અસ્તિત્વતાનું ભાન કરાવે છે અને તે આત્મરૂપ પરબ્રહ્મ હું પોતે જ છું એવું કહી જીવ જ શિવ છે એવી અદ્વૈતતા બતાવે છે.

**न पुण्यं न पापं न सौख्यं न दुःखं**

**न मन्त्रो न तीर्थं न वेदो न यज्ञः ।**

**अहं भोजनं नैव भोज्यं न भोक्ता**

**चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥४॥**

હું ઇન્દ્રિયરહિત, ચિત્તરહિત, નિર્વિકાર અને અખંડ સુખના અનુભવરૂપ છું તો પુણ્ય અને પાપનો સંબંધ જ ક્યાં રહે? अनन्वागतं, શ્રુતિ પણ મારું પુણ્ય-પાપ રહિતપણું સૂચવે છે. મંત્ર, તીર્થ, વેદ, યજ્ઞ, ભોજન, ભોજ્ય, ભોક્તા વગેરે ઉપાધિ હું જે નિષ્કર્મ આત્મા છું તેમાં ન હોય, અંશરહિત કેવળ સર્વદા હું એક સ્વરૂપ હોવાથી, પ્રવૃત્તિ, નિવૃત્તિ, વિધિ, નિષેધ, સુખ, દુઃખ, હર્ષ, શોક, ક્ષુધા, તૃષા, સંકલ્પ-વિકલ્પ વગેરે અનેક દ્વંદ્વ જાળ મારા નિર્દ્વંદમાં જોવા ન મળે. પોતાના આત્માનું પરમશિવ રૂપ નિત્ય મનમાં રાખી જડ પદાર્થમય જગતને મિથ્યા જાણી, શિવમાં સ્થિર રહેવું, તેજરૂપે આખર આનંદરૂપ રહેવું એ જ વાસ્તવિક કલ્યાણ હોવાથી, ભગવાન તેવા પ્રકારનો જ મનન માર્ગ બતાવે છે. હું શિવ છું, હું શિવ છું. એમ દ્વિગુણ કથનથી આત્માના સ્વરૂપનું નિશ્ચયપૂર્વક જ્ઞાન મેળવી પોતે શિવમાં એકાકાર થાય છે.

**न मे मृत्युशङ्का न मे जातिभेदः**

**पिता नैव मे नैव माता न जन्मः ।**

**न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः**

**चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥५॥**

જન્મ, મરણ એ કાયાના ધર્મો હોવાથી ચૈતન્યરૂપ અવિનાશી આત્મામાં તેની ગંધ માત્રનો પણ અવકાશ નથી. જડ શરીર જન્મે છે, સ્થિતિ પામે છે, કૌમાર થાય છે, યુવાન થાય છે, વૃદ્ધ થાય છે અને નાશ થાય છે પરંતુ તેમા રહેલો સાક્ષીરૂપ આત્મા તે તો જન્મતો, મરતો નથી, જેથી તે અવિકારી જન્મજરાદિરહિત આનંદરૂપ છે તો હું આત્મા છું તો આ જન્મ, મરણનો અવકાશ નથી. જાતિભેદ જડ કાયાનો જ છે તો તે પણ મને આત્મારૂપને લાગતો નથી. હું જડધર્મરહિત સદ્દરૂપ, ચિત્તરૂપ અને પરમાંદસ્વરૂપ આત્મા છું. જેમ એક મૃત્તિકમાં (માટીમાં) અનેક નામરૂપ વિકારોની ઘટના કરવામાં આવે પણ તત્વદૃષ્ટિએ તો તે તમામ મૃત્તિકા જ (માટીનાં જ વાસણો/આકારો) છે તેમ સચ્ચિદાનંદ સ્વરૂપ જે આત્મા, તેમાં દેહ, વર્ણ, આશ્રમ, માતા-પિતા આદિ ગમે તે સંબંધનો આરોપ કરવામાં આવે તો પણ વાસ્તવિક હું જે સચ્ચિદાનંદરૂપ આત્મા છું, તે કદી પણ અસત્ જડ અને દુઃખરૂપ લક્ષણવાળા નામરૂપાદિ બનવાનો નથી. જેથી દેહાદિથી ભિન્ન, ગુરૂશિષ્ય ઇત્યાદિ મનોમય દ્વૈતથી ભિન્ન, મારુ પરમાર્થિક સ્વરૂપ તો નિત્ય, વિભું, સચ્ચિદાનંદસ્વરૂપ, અજન્મ, અસંગ અને પરમશિવસ્વરૂપ છે. તેમા કોઈ પણ પ્રકારનો ભેદ શ્રુતિયુક્તિ કે અનુભવથી છે જ નહીં.

VIDHYAYANA

**अहं निर्विकल्पो निराकाररूपः**

**विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणाम् ।**

**सदा मे समत्वं न मुक्तिर्न बन्धः**

**चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥६॥**

સંકલ્પ-વિકલ્પ કરવાનાં ધર્મો બુદ્ધિના છે અને બુદ્ધિ એ સૂક્ષ્મ શરીરનું તત્વ હોવાથી ભૌતિક કાર્ય છે અને પંચભૂતાત્મક જે કાંઈ પ્રપંચ છે તે બધો અવિદ્યાનો હોવાથી હું જે નિષ્પ્રપંચ આત્મા છું. તેમાં પ્રપંચરૂપ અધ્યારોપ મારાં વાસ્તવિક સ્વરૂપની સિદ્ધિ માટે કર્યા છે અને તે આરોપ સત્ય ન હોવાથી હું નિત્ય નિર્વિલ્પ નિરાકાર સ્વરૂપ છું તે સ્વતઃ સિદ્ધ છે. સર્વત્ર સર્વથા

હું એકરસ વ્યાપક હોવાથી મારું સમરસપણું સદાય સિદ્ધ જ છે. એક વસ્તુની અપેક્ષાએ અન્ય વસ્તુ આવી છે એમ કલ્પના માત્ર કહેવાય છે પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ મારામાં ભેદ ન હોવાથી હું એક જ અદ્વૈત સ્વરૂપ છું.

ઉપસંહાર – આત્મષટ્ક સ્તોત્રમાં બ્રહ્મ/શિવાનુભૂતિ જીવને કેવી રીતે થાય છે ? સંસારનું બધું મિથ્યા કે આરોપિત છે તો તે તત્વજ્ઞાન સરળ પણ સહજતાથી સમજાય તેવી રીતે રજૂ કર્યું છે. આ સ્તોત્ર સરળ છે પણ તેનું તત્વજ્ઞાન ઉપનિષદ જેટલું ગહન છે. આત્મષટ્કનું બીજું નામ 'નિર્વાણષટ્ક' પણ સાર્થક જ છે. નિર્વાણ એટલે મુક્તિ, મોક્ષ. આ સ્તોત્રના માધ્યમથી મિથ્યાપણાનો અનુભવ થતા જીવાત્મા પરમાનંદ સ્વરૂપ નિર્વિકાર, નિર્વિકલ્પ શિવમાં જ પોતાને પણ એકરૂપ કરી દે છે અને પોતે અદ્વૈત બની જાય છે.

લેખક/સંશોધકનો પરિચય

નામ – ઝરણાબેન પ્રવીણચંદ્ર ત્રિવેદી

સંસ્કૃતમાં પ્રથમ વર્ગ સાથે સ્નાતક અને અનુસ્નાતક કર્યું, ત્યાર બાદ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીથી એમ.ફીલ કર્યું, અત્યારે ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડીનું સંશોધન કાર્ય પ્રગતિ પર છે.

**Author/Research Scholar's Introduction**

Name – Zaranaben Pravinchandra Trivedi

She had completed her graduation & post graduation with first class from Bhavnagar University then she completed her M.Phil research from Shree Somnath Sanskrit University, She is currently working on her Ph.D research from Gujarat University.